**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૮ ટકા

# ભગવાન ગણેશજીને આ વસ્તુઓ ચઢાવવામાં નથી આવતી

## દરેક ભગવાનની પૂજાનું અલગ મહત્વ રહેલું છે અને પૂજા વિધિમાં પણ વિવિધતા જોવા મળે છે



આવતીકાલથી ગણપતિ બાપ્પા મોરિયા નાં બાદ ગુંજવાના છે શહેર માં ઠેર ઠેર ગણેશજી ની પૂજા કરવામાં આવશે ત્યારે પૂજા માં વપરાતી વસ્તુઓ વિશે પણ જાણી લેવું યોગ્ય રહેશે. ભગવાન ગણેશ ને પૂજા માં કંઈ કંઈ ચીજવસ્તુઓ ચઢાવવી અને કંઈ વસ્તુઓ નો ઉપયોગ ન કરવો તેની પણ માહિતી જરૂરી છે. પુરાણોમાં ઉલ્લેખ છે કે ભગવાન વિષ્ણુ રામ અને કૃષ્ણને તુલસી અર્પણ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે અને પ્રસાદ ગ્રહણ કરે છે પરંતુ ગણેશજીના ભોગમાં તુલસીનો ઉપયોગ કરવાની મનાઈ છે.


ભગવાન ગણેશને તુલસી અર્પણ કરવાથી ભગવાન ગણેશ નારાજ થઈ જાય છે તેની પાછળ એક દંતકથા છે પુરાણોમાં કહેવાયું છે કે એક વખત ગણેશજી ગંગા નદીના કિનારે તપસ્યા કરી રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન ધર્માત્મજની પુત્રી તુલસી લગ્નની ઈચ્છા સાથે તીર્થયાત્રાએ ગઈ હતી દેવી તુલસી તમામ તીર્થસ્થાનોની મુલાકાત લેતા ગંગાના કિનારે પહોંચ્યા ગંગાના કિનારે દેવી તુલસીએ જોયું કે યુવાન ગણેશ તપસ્યામાં વ્યસ્ત હતા. શાસ્ત્રો અનુસાર તપસ્યામાં મગ્ન ભગવાન ગણેશ રત્ન જડિત સિંહાસન પર બિરાજમાન હતા તેના તમામ અંગો ચંદનથી ઢંકાયેલા હતા તેમના ગળામાં પારિજાતના પુષ્પો સાથે સોના અને રત્નોના ઘણા હાર હતા. ખૂબ જ કોમળ રેશમી પીતામ્બર તેની કમર પર વીંટળાયેલો હતો તુલસી ભગવાન ગણેશના આ સુંદર સ્વરૂપથી મોહિત થઈ ગયા તેના મનમાં ગણેશ સાથે લગ્ન કરવાની ઈચ્છા જાગી તુલસીએ તેને લગ્નની ઈચ્છાથી વિચલિત કરી. ત્યારે ભગવાન ગણેશએ કહ્યું કે તુલસીનું તપસ્યાનું વિસર્જન અશુભ હતું અને તુલસીના ઈરાદાને જાણીને તેણે પોતાને બ્રહ્મચારી હોવાનો દાવો કરીને તેના લગ્ન પ્રસ્તાવને નકારી કાઢ્યો લગ્નના પ્રસ્તાવને નકારવા પર તુલસી ગુસ્સામાં આવી અને ગણેશજીને શ્રાપ આપ્યો કે તે એક નહીં પરંતુ બે લગ્ન કરશે આના પર શ્રી ગણેશએ પણ તુલસીને શ્રાપ આપ્યો કે તમારા લગ્ન એક અસુર સાથે થશે રાક્ષસની પત્ની હોવાનો શ્રાપ સાંભળીને તુલસીએ ગણેશજીની માફી માંગી ત્યારે ગણેશજીએ તુલસીને કહ્યું કે તારા લગ્ન શંખચૂર્ણ રાક્ષસ સાથે થશે પરંતુ તે પછી તમે ભગવાન વિષ્ણુ અને શ્રી કૃષ્ણને પ્રિય હોવાની સાથે કલિયુગમાં વિશ્વને જીવન અને મોક્ષ આપનારા હશો પરંતુ મારી પૂજામાં તુલસી અર્પણ કરવી શુભ માનવામાં આવશે નહીં ત્યારથી ભગવાન ગણેશની પૂજામાં તુલસી ચઢાવવી વર્જિત માનવામાં આવે છે. ત્યારબાદ જાણીએ ગણેશજીને શું અર્પણ કરવું જોઈએ.ગણેશજી તો લડ્ડુ પ્રિય દેવતા છે એટલે કે તેમને લાડુનો ભોગ અત્યંત પસંદ છે શ્રીગણેશને બુંદીના લાડુ ખૂબ જ પ્રિય હોવાનું મનાય છે. તો સાથે જ નારિયેળ તલ કે સોજીના લાડુ પણ તમે તેમને અર્પણ કરી શકો છો એમાં પણ સવિશેષ તો વિઘ્નહર્તાને મોદક લાડુ ખૂબ જ ભાવે છે આમ તો આ મોદક પણ વિવિધ પ્રકારથી બનાવવામાં આવે છે પણ કહે છે કે જ્યારે તમે વિનાયકને આ મોદકનો લાડુ અર્પણ કરવા ઈચ્છતા હોવ ત્યારે તે શુદ્ધ ઘીમાંથી બનેલો હોય તે વાતનું ખાસ ધ્યાન રાખવું અલબત્ જો આમાંથી કંઈ ન થઈ શકે તો આપ તેમને ઘી-ગોળનો ભોગ પણ લગાવી શકો છો. દૂર્વા એ તો બધાં જ ભક્તો જાણે છે કે એકદંતાને દૂર્વા અત્યંત પ્રિય છે એ હદે કે દૂર્વા વિના તો વિનાયકની પૂજા જ અપૂર્ણ મનાય છે પરંતુ ગજાનનને અર્પણ થતી આ દૂર્વાના ઉપરના ભાગે ત્રણ કે પાંચ પાંદડીઓ હોય તો તે વધારે શ્રેષ્ઠ બની રહેશે.

કેળાનો પ્રસાદ ફળ પ્રસાદ રૂપે શ્રીગણેશને કેળા અર્પણ કરવાની પરંપરા છે પરંતુ શું આપ એ વાત જાણો છો કે વિઘ્નહર્તાને હંમેશા જોડમાં જ કેળા અર્પણ કરવા જોઈએ એટલે કે ગણેશજીને ક્યારેય પણ એક કેળું અર્પણ ન કરવું. પણ જોડમાં જ તેમને કેળું ધરાવવું જોઈએ પુષ્પ આચાર ભૂષણ ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે તે અનુસાર શ્રીગણેશને તુલસીપત્ર સિવાય તમામ પ્રકારના પુષ્પ અર્પણ કરી શકાય છે પદ્મપુરાણ આચારરત્નમાં પણ જણાવવામાં આવ્યું છે કે ન તુલસ્યા ગણાધિપમ અર્થાત્ તુલસીથી ગણેશજીની પૂજા ક્યારેય ન કરવી જોઈએ અલબત્ પુષ્પમાં તેમને જાસૂદનું પુષ્પ સવિશેષ પ્રિય હોવાની માન્યતા છે તો ગણેશ પૂજામાં આ પુષ્પનો પ્રયોગ જરૂરથી કરવો જોઈએ. સિંદૂર ગણેશજીને સિંદૂર અર્પણ કરવાની પણ પરંપરા છે સિંદૂર એ મંગલતાનું પ્રતિક છે વિઘ્નહર્તાને લાલ રંગનું સિંદૂર અત્યંત પ્રિય છે એટલે પ્રભુને નિત્ય સ્નાન કરાવ્યા બાદ તેમને લાલ રંગનું સિંદૂર અર્પણ કરવું. ત્યારબાદ સ્વયંના મસ્તક ઉપર પણ લાલ સિંદૂરથી તિલક કરવું આવું તમે દરરોજ કરી શકો છો આવું કરવાથી શ્રીગણેશના આશિષની પ્રાપ્તિ થશે અને તમને દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થશે. આ વસ્તુઓ ઉપરાંત વિઘ્નહર્તાને સોપારી આખી હળદર નાડાછડી તેમજ જનોઈ અર્પણ કરવાની પણ પરંપરા છે કહે છે કે આ વસ્તુઓથી એકદંતા સવિશેષ પ્રસન્ન થઈ ભક્તના સઘળા સંકટોનો નાશ કરી દે છે અને તેને મનોવાંછિત ફળની પ્રાપ્તિ કરાવે છે.

## જન્મદિને વધામણી



**ઓમ લક્ષ્મણ પટેલ**
મો. ૯૯૯૮૨ ૬૬૩૪૪



**શ્રેય ખત્રી**
મો. ૬૩૫૮૦ ૨૬૨૬૯



**આશિષ ગોંડ**

## આર.એન.પટેલ પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાતે




ગાંધીનગર, તા.૨૯

આર. એન. પટેલ પ્રાયમરી શાળાના ધોરણ-૮ના ૧૯૧ વિદ્યાર્થીઓ અને ૫ વર્ગ શિક્ષકમિત્રો તાજેતરમાં સાયન્સ સીટીની મુલાકાતે ૪ સ્કૂલ બસમાં ગયા હતા. વિદ્યાર્થીઓએ રોબોટિક ગેલેરીમાં જુદા જુદા રોબોટ, એક્વેરિયમમાં નાની મોટી, જુદી જુદી રંગબેરંગી માછલીઓ, સાયન્સ હોલમાં જુદા જુદા પ્રોજેક્ટ, સોલાર સિસ્ટમ અને મિયા ફુસકીના શો, થ્રીલ રાઈડ, નેચરલ પાર્ક નિહાળ્યું હતું.

## શ્રી દંઢાવ્ય છાસઠ પ્રજાપતિ સમાજ આંબલિયાસણના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા.૨૯

શ્રી દંઢાવ્ય છાસઠ પ્રજાપતિ સમાજ આંબલિયાસણના આગામી બે વર્ષ ૨૦૨૨-૨૪ના પ્રમુખ તરીકે કાલીદાસ પુંજીરામ પ્રજાપતિ (કેપી)-રાજપુરા, ગાંધીનગર અને મહામંત્રી તરીકે ભીખાભાઈ પ્રજાપતિ હાડવી તથા ઉપપ્રમુખ તરીકે મહેશભાઈ પ્રજાપતિ (આંબલિયાસણ સ્ટેશન), વાલજીભાઈ પ્રજાપતિ (ગુલાબપુરા અમદાવાદ) અને ભક્તિભાઈ પ્રજાપતિ (ડાંગરવા,કલોલ) તથા સર્વે ટીમના બે મંત્રીઓ, જુદીજુદી સમિતિઓના કન્વીનરો તથા આંતરીક ઓડીટર તરીકે નિમણૂંક સમાજની વાડી આંબલિયાસણ ખાતે કરવામાં આવી હતી. સમાજના પ્રમુખ તથા સમગ્ર ટીમે સૌનો સાથ-સૌનો વિકાસ અને સમાજના વિકાસના નારા સાથે સમુહ લગ્ન, ઈનામ વિતરણ, સ્નેહ મિલન, શૈક્ષણિક લોન સહાય, સર્વ મેડીકલ કેમ્પ, ધાર્મિક સામાજિક પ્રવાસ, યુવા પસંદગી તથા યુવા નેતૃત્વ શિબિર, માતા-પિતા અને દીકરા દીકરીઓ સાથે કુટુંબભાવના, મહિલા વિકાસ, રોજગારી તાલીમ, સ્પર્ધાત્મક પરિક્ષાઓની માહિતી તથા સરકારની તમામ યોજનાઓ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સમાજના શ્રેષ્ઠીઓ અને પૂર્વ પ્રમુખો માર્ગદર્શન અને સહકારથી હાથ ધરવા સંકલ્પ કર્યો હતો.

## એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિ ઉજવણી



ગાંધીનગર, તા.૨૯

એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળા સે-૨૩માં ધો.૮ની વિદ્યાર્થીની બહેનો દ્વારા ગુજરાતી સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષક ચેતનાબેન પટેલ અને પ્રવિણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીની બહેનોને શાળાના આચાર્યા બહેન નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૬ સરસ્વતી વિદ્યાલયમાં રસીકરણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૯

સે-૬માં સરસ્વતી વિદ્યાલય ખાતે રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં સે-૨૪ અર્બન હેલ્થ સેન્ટર આરબીએસકે ટીમ ડો.દેવાંગ જોષી તેમજ ફીમેલ હેલ્થ વર્કર મિત્તલબેન પટેલ અને પીન્કુબેન માછી દ્વારા ધનુર અને ડીપ્થેરીયાની કમ્બાઈન વેકસિન ટીડી આપવામાં આવી હતી. સરકાર દ્વારા ૨૦૧૯માં ટીડી વેકસીન રસીકરણ કેન્દ્રો પર આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાનમાં ખાનગી તેમજ સરકારી શાળાઓમાં કોઈપણ બાળક વેકસીનથી વંચિત ના રહી જાય તે માટે ટીમ દ્વારા રસીકરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારના સહયોગથી સરસ્વતી વિદ્યાલયમાં રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫-૧૬ વર્ષના તેમજ દસ વર્ષના વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી.

## સિસિકાની માસિક સભા તથા સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

તા.૩૧ ઓગસ્ટને સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સે-૭ ખાતે સિનિયર સીટીઝન કાઉન્સિલની માસિક સભા રાખવામાં આવેલ છે. માસિક સભા બાદ સિ.સિ.કાના સભ્યોના સંતાનો જે વર્ષ ૨૦૨૨માં ધો.૧૦ તથા ૧૨માં ઉતિર્ણ થયેલ છે તે સંતાનોને સન્માન કાર્યક્રમ યોજાશે. જેથી સિનિયર સીટીઝન કાઉન્સિલના સભ્યોએ સમયસર પધારવા જણાવાયું હતું.

## દુધવાળી પોળ અંબાજી પગપાળા સંઘનું સે-૨૬માં આગમન થયું



દુધવાળી પોળ અંબાજી પગપાળા સંઘના ૨૯માં વર્ષમાં મંગળ પ્રવેશ તા.૨૭ ઓગસ્ટના રોજ દસ બાવન ગજની ધજા ધર્મધજા સાથે સંઘ પ્રયાણ થયો છે. જે સે-૨૬, કિસાનગર પ્લોટ નં.૧૪૬/૨, પટેલ હરિશંકરભાઈ ચતુરદાસ તેમજ આજુબાજુના રહીશોના સાથ સહકારથી સેવા આપવામાં આવે છે. બપોરે ભોજન ભજન રાખવામાં આવે છે.

## શ્રાવણ અમાવસ્યાએ લેકાવાડા જક્ષણી મંદિરે અતિરુદ્ર યજ્ઞ યોજાયો



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષાના મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટ અને ૧૧ પરિવાર દ્વારા અતિરુદ્ર યજ્ઞનું વૈદિક મંત્ર સાથે પપ્પુ જાની, હાર્દિક ભટ્ટ, વિનોદ જાની, શરદભાઈ રાવલ તથા ૧૧ મહારાજ દ્વારા ૧૫ દિવસનુ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, મહામંત્રી યુવા પ્રમુખ તેમજ ગાંધીનગર વોર્ડ વાઈઝ બ્રહ્મ પ્રમુખો તેમજ ગાંધીનગર સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. દિનેશ રાવલ, વિમલભાઈ મહેતા, મુકેશભાઈ રાવલ, નરેન્દ્રભાઈ દવે, ક્ષત્રિય આગેવાન અંબુજી ગોલ, કેશરીસિહ ઉપરોક્ત ધાર્મિક પ્રસંગમાં ખાસ હાજર રહ્યા હતા.

### સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા શિવમહિમ્નના પાઠ

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલાપાંખ દ્વારા શ્રાવણ માસમાં શીવમહિમ્ન અને રૂદ્રાભિષેકના પાઠ પુરવાની પરંપરા છેલ્લા ઘણા વર્ષોથી અવિરત ચાલે છે. જેમાં સમાજના અલગ અલગ પરિવારોના ઘરે જઈ પ્રતિદિન ઉત્સાહી મહિલા પાંખની બહેનો શિવ મહિમ્નના પાઠ યોજાયા હતા. ભગવાન શિવની આરાધના અને ભક્તિનું પર્વ એટલે પવિત્ર શ્રાવણ માસ, સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખની બહેનો દ્વારા આ વર્ષે પણ શ્રાવણ માસમાં ઘરે ઘરે જઈને શિવ મહિમ્નના પાઠ કરી શિવલીંગ પર વિશેષ અભિષેક સાથે પૂજા અર્ચના કરી હર્ષોલ્લાસ અને ભક્તિસભર માહોલમાં ભવ્ય રીતે શિવજીની આરાધના કરેલ હતી. જેથી શ્રાવણ માસના ધાર્મિક મહત્વની પ્રેરણા દરેકને મળી રહે.



ગણેશ ચતુર્થીની શહેરમાં તડામાર તૈયારીઓ શરૂ છે આવતીકાલે ગણેશજીની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવશે. શહેરના બજારોમાં ગણેશજીની સુંદર મૂર્તિઓની ખરીદી માટે ભીડ જામી હતી અને વેપારીઓમાં પણ આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

## પી.કે.ચૌધરી મહિલા કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સીપાલ ડો.એમ. એમ. ચૌધરીએ ગણેશ વંદના ગાઈને સંસ્કૃતમય વાતાવરણ બનાવ્યું હતું તેમજ સંસ્કૃત ભાષાનું મહત્વ, સંસ્કૃત કવિતાઓની ઓળખ આપી હતી.ત્યારબાદ ગદ્ય વાંચક, કૃતિ પરિચય, સુલેખન જેવી વિવિધ પ્રવૃતિઓ કોલેજની લગભગ ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ સંસ્કૃત સપ્તાહની ઉજવણી ઉત્સાહથી કરેલ હતી. આ કાર્યક્રમનું આયોજન ડો.મીનાબેન વ્યાસે કર્યું તેમજ સંચાલન સંધ્યા પટેલ અને દેવાંગી ખેરે કર્યું તો નિર્ણાયક તરીકે ડો.તારાબેન દેસાઈએ ભુમિકા ભજવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.નિમ્બાર્ક દેવીકાબેન લક્ષ્મીરામ** ઉ.વ.૭૩, સેકટર-૧૨
- **સ્વ.મહંત જગદીશચંદ્ર પરસોત્તમદાસ** ઉ.વ.૭૫, સેકટર-૧૩
- **સ્વ.સોલંકી બાલુબેન રામજીભાઈ** ઉ.વ.૭૫, ડભોડા
- **સ્વ.ઠાકોર લક્ષ્મણજી નારસંગજી** ઉ.વ.૪૯, સેકટર-૧૩ છાપરાં
- **સ્વ.સોલંકી જીવતબેન બાલુસંગ** ઉ.વ.૬૩, દોલતાબાદ, તલોદ